Extra No. 130

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **SATURDAY, JULY 4, 2026 / ASHADHA 13, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઇ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખઃ ૧૯/૦૬/૨૦૨૬, ના જાહેરનામા ક્રમાંક. જીયુ/૨૦૨૬/૦૩/આઇએમડી/એએફએમ/ઈ-ફાઇલ/૯/૨૦૨૨/૦૦૦૧/ડી-૨. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Technical Assistant, Class-III, in the subordinate service of Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2016

કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૨૬/૦૩/આઈએમડી/એએફએમ/ઈ-ફાઈલ/૯/૨૦૨૨/૦૦૦૧/ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૩માં, ખંડ (ખ)માં, પેટા-ખંડો (૧) અને (૨)ને બદલે, નીચેના પેટા-ખંડો મૂકવા:-

"(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ એન્જિનિયરિંગ/ઓટોમોબાઈલ ટેકનોલોજી/ કેમિકલ/ કોમ્પ્યુટર/ ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન/ ઈલેકિટ્રકલ અને ઈલેકટ્રોનિક્સ/ ઈલેકિટ્રકલ/ ઈન્ફોર્મેશન ટેકનોલોજી/ ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ/ મિકેનિકલ/ મેકાટ્રોનિક્સ/ મેટેલર્જિ/ પ્લાસ્ટિક ટેકનોલોજી /પાવર ઈલેકટ્રોનિક્સ/ટેક્સટાઈલ પ્રોસેસિંગ ટેકનોલોજી/ટેક્સટાઈલ મેન્યુફેકચરિંગ ટેકનોલોજી/ હેન્ડલૂમ એન્ડ ટેક્સટાઈલ ટેકનોલોજીમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ઓટોમોબાઈલ/કેમિકલ/કોમ્પ્યુટર/ઈલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન/ઈલેકિટ્રકલ એન્ડ ઈલેકટ્રોનિક્સ/ ઈલેકિટ્રકલ/ઈન્ફોર્મેશન ટેકનોલોજી/ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ/મિકેનિકલ/ મેકાટ્રોનિક્સ/મેટેલર્જિ/પ્લાસ્ટિક ટેકનોલોજી/પાવર ઈલેકટ્રોનિક્સ/ ટેક્સટાઈલ પ્રોસેસિંગ ટેકનોલોજી/ટેક્સટાઈલ મેન્યુફેકચરિંગ ટેકનોલોજી/હેન્ડલૂમ એન્ડ ટેક્સટાઈલ ટેકનોલોજીમાં એન્જિનિયરિંગનો ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અને સરકારમાં/સ્થાનિક મંડળ/સરકારી અંડરટેકિંગ/બોર્ડ/કોર્પોરેશન/કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડો. ભૂમિકા એચ. પટેલ,

સરકારના ઉપસચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.21 18:59:42 IST